ગાંધીનગર સમાચાર

ફિક્સ પગારદારોનો નવો કિમિયો : પતંગને બનાવ્યું લડતનું સાધન

# શહેરની ફુટપાથ પરની ડસ્ટબીન કુતરાઓ માટે જોખમી બની



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે તંત્ર દ્વારા નગરના માર્ગો પર ડસ્ટબીન રાખવામાં આવી છે. આ ડસ્ટબીનમાં નગરજનો કચરો તેમજ ખોરાક નાંખે છે. ખુલ્લા ડસ્ટબીનમાં ખોરાક ખાવા નાના ગલુડીયા અંદર પડે છે. જયારે ડસ્ટબીનમાંથી બહાર ન નીકળી શકતા કુતરાઓ મોતને ભેટે છે. નગરના ઘ-દોઢ પાસે રહેલી ડસ્ટબીનમાં આજે એક ગલુડીયું ચીજવસ્તું આરોગવા જતા મોતને ભેટ્યું છે. શહેરમાં મોટાભાગના ડસ્ટબીનના ઢાંકણા ખુલ્લા છે જેને પરિણામે આ પ્રકારના બનાવમાં વધારો થવા પામ્યો છે. શહેરને સ્વચ્છ રાખવા માર્ગો પર મુકવામાં આવેલી ડસ્ટબીનો પ્રાણીઓ માટે ઝોખમી સાબિત થઈ રહી છે.

શહેરના ઘ-દોઢ પાસેના વિસ્તારમાં છેલ્લા બે દિવસથી અતિશય દુર્ગંધ મારતી હતી. આ માર્ગ પર સવારે મોનીંગ વોક કરવા નીકળતા નગરજનો દુર્ગંધથી પરેશાન થઈ ઉઠ્યા હતા. જાગૃત નાગરિકે દુર્ગંધ કયાંથી આવે છે તે જાણવાની કોશીશ કરતા નજીકમાં રહેલી ડસ્ટબીનમાં નાનું ગલુડીયું મૃત પડયું હતું જેને પરિણામે આ વિસ્તારમાં દુર્ગંધ મારતી હતી. તંત્રને જાણ કરતા ડોગવાન આવીને મૃત ગલુડીયાને લઈ ગઈ હતી. પરંતુ શહેરમાં મુકવામાં આવેલી ડસ્ટબીનના ઢાંકણા મોટાભાગે ખુલ્લા છે. ખુલ્લા ડસ્ટબીનમાં ચીજવસ્તુઓ ખાવા માટે કુતરાઓ અંદર પડે છે તેઓ તો બહાર નીકળી શકે છે. પરંતુ નાના ગલુડીયા પણ અંદર પડે છે પણ બહાર નીકળી શકતા નથી જેને પગલે ગલુડીયાઓને જીવ ગુમાવાનો વારો આવે છે. તો શહેરના કહેવાતા શિક્ષિત નગરજનો મૃત પશુ-પક્ષી પણ ડસ્ટબીનમાં નાખે છે. જેને પગલે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધનું સામ્રાજય ફેલાય છે. ડસ્ટબીનના ખુલ્લા ઢાંકણને પગલે નાના ગુલુડીયા મૃત પામતા શહેરના પશુ પ્રેમીઓમાં પણ રોષ જોવા મળ્યો છે. તંત્ર દ્વારા ડસ્ટબીનના ઢાંકણાં બંધ કરવામાં આવે તો આવા કિસ્સામાં ઘટાડો જોવા મળે તેવું નગરજનો લાગી રહ્યું છે. અત્યારે હાલતો નગરમાં મુકવામાં આવેલી ડસ્ટબીન નાના ગલુડીયાઓ માટે જોખમી સાબિત થઈ રહી છે.

## @ગાંધીનગર

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦ કલાકે સેકટર-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ ધ્યાન શિબિર યોજાશે.

● ગોપી મહિલા મંડળ તથા વસાહત મંડળ સે-૧૩-સી દ્વારા આયોજિત કથાના પાંચમા દિવસે બપોરે ૩ કલાકે વામન અવતાર, સાંજે ૫ કલાકે રામજન્મ તેમજ સાંજે ૬.૦૦ કલાકે કૃષ્ણ જન્મનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● સે-૭માં નવા સરકારી આવાસોની ટાવર કોલોનીનું ખાત મુહુર્ત કરાયુંછે. આ પ્રસંગે વહેંચવામાં આવેલા નાસ્તાના પેકેટસ લેવા માટે ઉપસ્થિત નગરજનોએ ભારે પડાપડી કરી હતી.

● શિયાળામાં ખોરાકમાં લસણનો બહોળો ઉપયોગ થાય છે આ કારણે બજારમાં લસણની કિંમતોમાં ભારે ચઢાવ ઉતાર જોવા મળી રહ્યાં છે.

● રાંધેજા ખાતે બે બિલ્ડરો સામે જાહેરનામાના ભંગનો ગુનો દાખલ થવા પામતા બિલ્ડર લોબીમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બંને બિલ્ડરો દ્વારા સાઈટ પર કામે રખાતા મજુરોનું રજીસ્ટ્રેશન નહોતું કરવામાં આવ્યું કે તે અંગે પોલીસ સ્ટેશને જાણ પણ નહોતી કરાઈ.

●અમદાવાદમાંપોલીસ દ્વારા હોટલ રેસ્ટોરન્ટસનેઆપવામાંઆવતા લાયસન્સની મુદત વધારીને ૧૦વર્ષની કરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ ખાણી-પીણીના વ્યવસાયધારકો આ સુધારો લાગુ પડાય તેની આશા ભરી મીટ માંડી રહ્યા છે.

●

ઈન્ફોસીટી નજીક એક રીક્ષા પલ્ટી ખાઈ જવા પામી હતી. આ રીક્ષામાં સવાર ત્રણ નાગરિકોને ઈજાઓ થવા પામતા સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## આર.સી. પટેલ શાળા દ્વારા એન.એસ.એસ. શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.સી. પટેલ શાળાની વાર્ષિક એન.એસ.એસ. શિબિરનું તા. ૬ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના દશેલા ગામે આવેલ સરકારી પ્રાથમિક શાળા ખાતે તા. ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ બપોરે ૨.૩૦ કલાકે ઉદઘાટન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડીન ઓફ એજયુકેશન ફેકલ્ટી ડૉ. વીણાબેન પટેલ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ડૉ. રણછોડ રથવી તથા ગામના સરપંચ સહિત મહત્વના હોદ્દેદારો હાજર રહી શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કરશે.



ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનનો સ્નેહમિલન સમારોહ સેકટર-૨૧, જીમખાના ખાતે યોજાયો હતો. આ સમારોહમાં આર.જી. જોષી, એચ.ડી. સેઈલર, નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદિપસિંહ બિહોલા, દિપલબેન હડીયલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઈટીવી ગુજરાતીના ગમ્મત ગુલાલ કાર્યક્રમના હાસ્ય કલાકાર નરેશભાઈ વોરાએ હાજર રહી તમામ સેકશન અધિકારી સભ્યોને મનોરંજન પુરું પાડયું હતું.

# બોરીજમાં પાણીની મોટર ચાલુ કરવા જતા આધેડને કરંટ લાગ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક સ્થિત બોરીજ ગામમાં રહેતા ૪૬ વર્ષીય આધેડ ગઈ સમી સાંજે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતા કરંટ લાગવાથી ચોંટી ગયો હતો. ગંભીર હાલતમાં તેના સંબંધી તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા જો કે સારવાર દરમિયાન તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ બોરીજ ગામમાં પવનચક્કી નજીક મહાકાળી મંદિર પાસે રહેતા ૪૭ વર્ષીય અમૃતભાઈ મણીભાઈ સોલંકી ગઈ સમી સાંજે પતાના ઘરે પાણી ભરી રહ્યા હતા. પાણી પુરતા પ્રેશરમાં આવતું ન હોવાથી પાણીની મોટર ચાલુ કરવા જતા મોટરને અડકી જતાં તેમને કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા ગંભીર રીતે ઘાયલ થયેલા અમૃતભાઈને તેમના કાકા સસરા પરશોત્તમભાઈ ગોકલભાઈ પરમાર તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. સે-૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પીએસઆઈ બી.કે. અસારીએ ગુનાની ઊંડી તપાસ હાથ ધરી છે.

## રણાસણમાં ખુલ્લેઆમ જુગાર રમતા ૧૪ શકુનીઓ પકડાયા

### ડભોડા પોલીસે દરોડો પાડી રૂ. ૭.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક રણાસણ સર્કલ પાસે એક ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે ગઈ સાંજે દરોડો પાડયો હતો. પોલીસના દરોડાથી જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જો કે પોલીસે કોર્ડન કરીને તમામ ૧૪ જુગારીઓને રંગે હાથ પકડી પાડી તેમની પાસેથી રોકડ તથા વાહનો અને મોબાઈલો મળી કુલ રૂ. ૭.૬૩ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે રણાસણ સર્કલ નજીક ખુલ્લા ખેતરમાં દરોડો પાડયો હતો. જુગાર રમી રહેલા દિપસિંહ લક્ષ્મણસિંહ ઝાલા, કેતન માધવ નાયીકા, વિજય રણછોડ વાઘેલા, મહેન્દ્ર દિપસિંહ રહેવર, રાજેન્દ્ર ત્રિકમ પટેલ, મેહુલ દેવપ્રસાદ ઢગર, રાજેન્દ્ર જગમાલ દરબાર, ભદ્રેશ અમૃત મિસ્ત્રી, હરેશ શાંતિ પટેલ, અમરીશ રજનીકાન્ત જોષી, સુલુષ ઉર્ફે સુરેશ ચંદ્રકાન્ત શાહ, પરેશ મનહર શાહ, હિતેન્દ્ર ડાહ્યા રાઠોડ, ચિરાગ નરેન્દ્ર પટેલ મળીને ૧૪ શકુનીઓની પાસેથી દાવ પરના રૂ. ૮૫૦, અંગ જડતીમાંથી રૂ. ૮૩,૧૦૫, ૧૮ નંગ મોબાઈલ અને ૬ નંગ વાહનો સહીત રૂ. ૭,૬૩,૫૫૫ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

## જિલ્લા હાઈવે ટ્રાફીક પોલીસે વાહન ચેકીંગ દરમિયાન બાલાપીર ચોકડી પાસેથી દારૂની હેરાફેરી કરતું ડાલુ પકડયું

### સ્ટીલના ભંગારના કોથળા નીચે દારૂ-બિયરનો જથ્થો સંતાડયો હતો : રૂ.૬ લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

ગાંધીનગર, તા.૪

અડાલજ પાસે સ્થિત બાલાપીર ચોકડી ખાતે જિલ્લા હાઈવે ટ્રાફીક પોલીસ અને અડાલજ પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે વિદેશી દારૂની મોંઘી બ્રાન્ડની બોટલો તથા બિયરના ટીનની હેરાફેરી કરતું પીક અપ ડાલુ પકડાઈ ગયું હતું. બે રાજસ્થાની શખ્સોની રૂ. ૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભંગારના કોથળાની આડમાં દારૂની હેરાફેરી કરાઈ રહી હતી.

બાલાપીર ચોકડી પાસે આજે બપોરના અરસામાં જિલ્લા હાઈવે ટ્રાફીક પોલીસ અને અડાલજ પોલીસ વાહનચેકીંગ કરી રહી હતી તે અરસામાં સ્ટીલના એલબાના કોથળાનો ભંગાર ભરીને જતુ પીકઅપ ડાલુ નં. જીજે ૧ ડી.યુ. ૬૯૨૮ પસાર થતા તેનું ચેકીંગ કર્યું હતું. ડ્રાઈવર પર શંકા જતાં ડાલામાં પડેલા સામાનને ઉથલાવીને તપાસ કરવામાં આવી તો અંદરથી બ્લેન્ડર્સ પ્રાઈડ, બકાર્ડી, સીગ્નેચર રોયલ સ્ટેગ સહિતની બ્રાન્ડની વિદેશી દારૂની







પેટીઓ અને બિયરના ટીનની પેટીઓ મળી ૭૮ નંગ દારૂ-બિયરની પેટીઓ (૨૦૦૪ નંગ) મળી આવી હતી. પોલીસે દારૂ-બિયર, સ્ટીલના એલબોનો જથ્થો તથા વાહન મળીને કુલ રૂ. ૫,૯૮,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને રાજસ્થાનનાં ઝાલોર જિલ્લાના સુરેશ પુન્મારામ બિશ્નોઈ અને ગણપત રામલાલ બિશ્નોઈની ધરપકડ કરી માલ કયાંથી લવાયો હતો? કોનો હતો? અને કયાં મોકલવામાં આવી રહ્યો હતો? તે સહીતની ઝીણવટભરી પુછપરછ શરુ કરવામાં આવી છે.

## ઉત્તર ગુજરાત ૪૧ ગામ કડવા પાટીદાર સમાજનો ૨૨મો સ્નેહમિલન યોજાયો

ગાંધીનગર, તા.૪

ઉત્તર ગુજરાત ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા ૨૨મા સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરાયું હતું. તેમજ બહેનો માટે લગ્ન ગીતોની સ્પર્ધા, ભાઈઓ માટે વિવિધ રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતમાં વસતા કડવા પાટીદાર સમાજના કુટુંબોમાં પરણવાલાયક દિકરા દિકરીઓને યોગ્ય પાત્ર મળી રહે તે માટે લગ્ન સહાયક કેન્દ્રની સ્થાપના ગાંધીનગરમાં કરવામાં આવે, સાથે જ વેબસાઈટ તૈયાર કરવી જેથી સમગ્ર ભારતમાં વસતા સમાજના સભ્યો ઘરે બેઠા તેનો સહેલાઈથી ઉપયોગ કરી શકે. આ સમારોહમાં જીતુભાઈ પટેલે અગિયાર હજારનું દાન જાહેર કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના વડીલો, ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા તેમજ સમારોહમાં સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ તથા સહમંત્રી પીન્ટુભાઈ પટેલ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## જિલ્લા મંડપ એસોસીએશન દ્વારા સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન દ્વારા આગામી તા. ૮ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શિવાલય પાર્ટી પ્લોટ રાંધેજા રોડ, ક-૭ ખાતે ગુજરાત મંડપ એસોસીએશનની કારોબારી મીટીંગ યોજાશે. આ ઉપરાંત સાંજે ૪.૦૦ કલાકે પરિવાર સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક સભ્યોને સહ પરીવાર હાજર રહેવા મંડળના મહામંત્રી નરેશભાઈ દવેએ જણાવ્યું છે.

## દૂધ વાપરનારાઓની સહકારી મંડળી દ્વારા સભાસદોને ભેટ વિતરણ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર દૂધ વાપરનાર સહકારી મંડળી સેકટર-૨૧ના સભાસદો માટે વર્ષ ૨૦૧૪-૧૫ના ડીવીડન્ડ પેટે સભાસદ ભેટ તરીકે બેડશીટ (ચાદર)નું વિતરણ શરૂ થયેલ છે. સવારે નવથી અઘિયાર અને બપોરે બે થઈ ।પંચમાં મળી શકશે. ભેટ લેવા માટે શેર સર્ટીફીકેટ લઈ જવું ફરજીયાત છે.

# ફિકસ પગારદારોનો નવો કિમિયો : પતંગને બનાવ્યું લડતનું સાધન

### ‘ફિકસ પગારની પ્રથા નાબૂદ કરો’ જેવા સૂત્રો છાપેલા પતંગો બજારમાં મૂકયા : સોશ્યલ મિડિયા દ્વારા જાહેરાત કરી ફિકસ પગારદારોને એકજુથ થવા આહ્‌વાન

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકાર દ્વારા ફિકસ પગારદાર કર્મચારીઓ દ્વારા તેમને કાયમી કરવા સહિત અનેક માંગણીઓ અંગે લડત ચલાવાઈ રહી છે. આ લડતને વધુ વેગવાન બનાવવા તથા અસરકારક રીતે પોતાની વાત રજૂ કરવા ફિકસ પગારદાર કર્મચારીઓ દ્વારા પતંગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યું છે અને રાજયમાં ઉત્તરાયણ પર્વની લોકપ્રિયતા જોતા ફિકસ પગારદાર કર્મચારીઓએ પોતાની લડતને વધુ ઉગ્ર બનાવવા ‘પતંગ’નો સહારો લેવાનું વિચાર્યું છે. ફિકસ પગારદાર કર્મચારીઓ દ્વારા બજારમાં પોતાની માંગણી અને રજૂઆતને પતંગ પર છાપીને વધુને વધુ નાગરિકો સુધી લડતને પહોંચાડવા પ્રયાસ હાથ ધરાયો છે. ફિકસ પગારદાર કર્મચારીઓને અન્યાય થઈ રહ્યો હોવાના દાવા સાથે ફિકસ પગારદાર કર્મચારીઓ દ્વારા લડત ચલાવાઈ રહી છે. આ કર્મચારીઓ માટે લડત ચલાવતી





ફિકસ પગાર સંઘર્ષ સમિતિ અને ગુજરાત જન અધિકારી સંગઠનના નેજા હેઠળ પતંગો પર સંદેશા છાપવામાં આવ્યા છે. આ સંદેશામાં ‘ફિકસ પગારની પ્રથા નાબૂદ કરો’ અને ‘કોન્ટ્રાકટ પ્રથા નાબૂદ કરો’ જેવા સુત્રો છાપવામાં આવ્યા છે. વળી સમગ્ર ગુજરાતમાં ૧૪મી જાન્યુઆરીને ઉડાન દિવસ ગણાવી જન અધિકાર પંચ તથા ફિકસ પે સંઘર્ષ સમિતિ દ્વારા પતંગ ઉત્સવ ઉજવવા હાકલ કરાઈ છે. આ સાથે સોશિયલ મિડીયા જેવા કે ફેસબુક, વ્હોટસ એપ જેવા પર ફરતા થયેલા ચિત્રોમાં ‘સંગઠિત થઈએ, અધિકાર લઈએ’ જેવા સૂત્રો સાથે ફિકસ પગારદારોને લડત આપવા સંગઠિત થવા આહવાન કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા ફિકસ પગારદાર નીતિની ઘણા સમયથી ભારે ટીકા કરાઈ રહી છે. બેરોજગાર યુવાનોને ફિકસ પગારમાં બાંધી તેમનું સરકાર દ્વારા જ શોષણ કરાતું હોય તેવું ચિત્ર વિરોધીઓ દ્વારા પ્રસ્તુત કરાયું છે. આ સાથે ફિકસ પગારદાર કર્મચારીઓ દ્વારા પણ વારંવાર વિવિધ માંગણીઓ





બાબતે રાજય સરકાર સામે લડત છેડવામાં આવી રહી છે. લાંબા સમયથી ફિકસ પગારદાર રહેલા કર્મચારીઓ પોતાને કાયમી કરવા ઉપરાંત અન્ય લાભોની માંગણી કરી રહ્યાં છે. આ સંજોગોમાં પોતાની વાતની અસરકારકતા ઉભી કરવા ફિકસ પગારદારોએ અજમાવેલો કિમિયો હવે હવામાં કેટલો ઉંચે ચઢે છે કે પછી ગોથા ખાશે તે જોવું રહ્યું.

## પ્રાગદાસ બાપુની રામવાડીએ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ એન.પી. પટેલના પિતાશ્રી સંત પ્રાગદાસ બાપા ગોદડીયા દ્વારા જુનાગઢના ગીરનાર રોડ પર રામવાડી ખાતે શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત જ્ઞાનકથા મહોત્સવ તા. ૬ઠ્ઠી જાન્યુઆરીથી તા. ૧૨મી જાન્યુઆરી દરમિયાન યોજાશે. આ કથાના વકતા શાસ્ત્રી ભરતભાઈ રાજગોર-અમેરિકાવાળા છે. કથાનો સમય દરરોજ બપોરે ૩ થી ૬ કલાકનો રહેશે.

જુનાગઢની પાવન ધરતી પર ભારતીય સંસ્કૃતિના દર્શનાર્થ આધ્યાત્મિક મહામાર્ગના અજવાળા પાથરનાર તથા સ્વાતંત્ર્ય સેનાની એવા પ્રાગદાસ બાપા ગોદડીયા દ્વારા શિક્ષણ સેવા સંસ્કારના સદાવ્રત ચલાવાય છે. પૂ. પ્રાગદાસ બાપા રામવાડી ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં કપિલ વ્યાખ્યાન, વામન અવતાર, શ્રીરામ અને શ્રીકૃષ્ણ અવતાર, બાળ લીલા અને ગોવર્ધનલીલા, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર વગેરે પ્રસંગો સમાવી લેવાશે. આ જ્ઞાનકથા સપ્તાહનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ભાવસાર ચંપાબેન રમણલાલ, ઉ.વ.૮૬
- સ્વ. કમળાબેન ગોપાલદાસ વાળંદ, ઉ.વ.૮૨
- સ્વ. શીલાબેન કાળીદાસ મેશવાણીયા.